
# લોકશાહીમાં નેતા ભગવાન રામ જેવો પવિત્ર હોવો જોઈએ : પુષ્પેન્દ્ર કુલશ્રેષ્ઠ

ગાંધીનગર, તા. ૧૬

"ગુલામીના હજાર વર્ષ પછી તમારામાં ભારતીય હોવાનો અહેસાસ જાગ્યો છે, આ અહેસાસને વધુ સો વર્ષ જાળવી રાખજો. આજનો યુવાન જેટલો રાષ્ટ્રવાદી છે તેટલી રાષ્ટ્રવાદી તો આપણી પેઢી પણ નહોતી. હંમેશા તમારા સંતાનો સાથે મિત્રતાભર્યો વહેવાર કરજો, તેમને આધુનિક જમાના મુજબ સમજાવા પ્રયાસ કરજો. જુની રૂઢિવાદી વ્યવસ્થા તેમના પર થોપશો નહી તો તેઓ કોઈના બહેકાવામાં આવશે નહી' આજે રવિવારની સવારે સેક્ટર-૨૩માં નાથીબા કોલેજના ખિમજી વિશરામ હોલ ખાતે જાણીતા વિચારક અને વક્તા પુષ્પેન્દ્ર કુલશ્રેષ્ઠ તેમની ધારદાર શૈલીમાં વક્તવ્ય કર્તવ્ય અને જવાબદારી." તેઓ કોઈપણ રાજકીય પાર્ટી કે વિચારધારામાં જોડાયેલા નથી પરંતુ તેમની વિચારધારાના કેન્દ્રમાં માત્ર "રાષ્ટ્ર" હોવાનો ઉલ્લેખ સાથે તેમણે કહ્યું કે "લોકશાહીમાં નેતા ભગવાન રામ જેવો પવિત્ર હોવો જોઈએ." કાશ્મીરી પંડિતો સાથે થયેલા અત્યાચારોની વાત કરતા તેમણે શાહિનબાગમાં ચાલી રહેલા સીએએ વિરોધ પ્રદર્શનનો મૂળ એજન્ડા અલગ હોવાની વાત કરી હતી. તેમણે ન્યાયતંત્રને પણ આડેહાથ લેતાં કહ્યું હતું કે "આંતકવાદીઓને મદદ કરનારા માટે સહાનુભૂતિ છે તેવી સહાનુભૂતિ અન્ય ધર્મના નિઃશસ્ત્ર વિરોધ કરતા શ્રદ્ધાળુઓ માટે કેમ દાખવવામાં આવતી નથી."



**ગાંધીનગર પધારેલા પુસ્પેન્દ્ર કુલશ્રેષ્ઠનુ ધારદાર વક્તવ્ય યોજાયું : નિવૃત્ત જજ ચંદ્રચુડ પર કટાક્ષ કરતા કહ્યું કે "વિરોધ કરવો અધિકાર પરંતુ વિરોધની પદ્ધતિ તો શિખવાડો : યુવાપેઢી વધુ રાષ્ટ્રવાદી હોવાનું કહેતા કહ્યુ "આપણે ૨૦૧૯માં મત સડકો બનાવવા નહી, રાષ્ટ્ર બચાવવા માટે આપ્યાં છે, શાહિનબાગમાં વિરોધ પ્રદર્શનનો મૂળ એજન્ડા અલગ છે, સીએએ તો બહાનુ છે**

આપતા ઉપરોક્ત શબ્દો કહ્યા હતા.

"ભારતીય સંસ્કૃતિના સંરક્ષણ અને સંવર્ધન" વિષયે ઉદ્‌ગમ ટ્રસ્ટ દ્વારા યોજવામાં આવેલા આ કાર્યક્રમમાં શહેરના મેયર રીટાબેન પટેલ, ડેપ્યુટિ મેયર નાઝાભાઈ ધાંધર, ઉદ્‌ગમના પ્રમુખ મયુર જોષી સહિત અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં શ્રોતાઓ ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમના પ્રારંભે જ્ઞાનમ્ ટ્રસ્ટના દિનેશ ગોસ્વામીએ પ્રવચન કરતા કહ્યું હતું કે "આપણે સનાદીન ધર્મી છીએ જે દરેક ધર્મનો જય અને દરેક પ્રાણી માત્રની સુરક્ષામાં માને છે પરંતુ યુદ્ધના મેદાન વચ્ચે ગીતા સંદેશ પાઠવે તેને ધર્મ કહેવાય નહી કે અત્યાચારી ફતવા બહાર પાડે તેને." પુષ્પેન્દ્ર કુલશ્રેષ્ઠે તેમના પ્રવચના પ્રારંભથી જ આઝાદી પછીની સરકારો પર કાશ્મીર અંગે સાચી વાત છુપાવવાનો આરોપ લગાવ્યો હતો તેમજ તેમણે દેશમાં અત્યાર સુધીની સરકારી વ્યવસ્થા, ન્યાય પાલિકા અને પોલીસતંત્રએ છુપી તાકાતને પોષવા કાર્ય કર્યુ હોય તેવી સ્થિતિનું સર્જન અનુભવાઈ રહ્યું હતું તેવુ જણાવ્યુ હતુ. તેમણે સૃષ્ટિના સર્જનથી સનાતન ધર્મનો ઉદય થયો હોવાનો હુંકાર કરતા સૃષ્ટિના અંત સુધી પણ સનાતન ધર્મ જ ટકશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું હતું કે "ધર્મને કોઈ પૂજા પદ્ધતિથી લેવાદેવા નથી પરંતુ ધર્મ એટલે આપણું

નિવૃત્ત જજ ચંદ્રચુડના તાજેતરમાં અમદાવાદ ખાતેના નિવેદન અંગે પણ કટાક્ષ કરતા તેમણે કહ્યું કે "વિરોધ કરવો તે અધિકાર છે તો વિરોધ કરવાની પદ્ધતિ પણ શિખવાડો" આ સાથે તેમણે બંધારણની મૂળ જીતમાં છવાયેલા ૨૨ રેખાચિત્રો કેમ હટાવી દેવાયા, કોણે હટાવ્યાં તેવા વેધક સવાલો કરતા જણાવ્યું હતું કે "ડૉ. આંબેડકરે પણ બંધારણમાં સેક્યુલર શબ્દ ઉમેરવાની ના પાડી હતી." બંધારણમાં અગાઉ પણ ફેરફાર થઈ ચુક્યાં છે તેનો હવાલો આપતા પુષ્પેન્દ્ર કુલશ્રેષ્ઠે હજુ પણ બંધારણમાં ફેરફારને અવકાશ હોવાનું જણાવ્યું હતુ. આ સાથે તેમણે દેશમાં ૭૦ વર્ષથી બંધારણને પણ પ્રમાણિકતાથી લાગુ નથી કરાયું તેવો આક્ષેપ કરતા શીખ આપી હતી કે "તમારા ઘરમાં ચાણક્ય, શિવાજી, વીર સાવરકર અને સુભાષચંદ્ર બોજ જેવા સૂરવીરોની તસવીરો લગાડજો" આ સાથે તેમણે નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું કે "આપણે ૨૦૧૯માં મત સડકો બનાવવા માટે નહી પરંતુ "રાષ્ટ્ર" બચાવવા આપ્યો છે." અંતમાં તેમણે ગુજરાતીઓની પ્રસંશા કરતા હળવી શૈલીમાં ગુજરાતીઓ ફૌજમાં જોડાતા નથી તેવી ટીકાઓનો જવાબ આપતા કહ્યું હતું કે "ભલે તમે ફૌજમાં નથી જોડાતાં પરંતુ ફૌજીના હાથમાં જે બંદૂક છે તે તમારા પૈસાથી આવે છે."



**રાજયના ડીજીપી શિવાનંદ ઝાની અધ્યક્ષતામાં પોલીસ ભવનમાં ક્રાઈમ કોન્ફરન્સ**

ગાંધીનગર પોલીસ ભવન ખાતે આજરોજ રાજયના પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી શિવાનંદ ઝાની અધ્યક્ષતામાં વાર્ષિક ક્રાઈમ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સમાં રાજય પોલીસ વિભાગના સી.આઈ.ડી. ક્રાઈમ, સી.આઈ.ડી. (ઈન્ટે), એ.ટી.એસ., તકનીકી સેવાઓ, કોસ્ટલ સિક્યુરીટીના વડાઓ, તમામ પોલીસ કમિશનર, તમામ રેન્જના વડાઓ સહિત તમામ પોલીસ અધિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. આ કોન્ફરન્સમાં રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સમિક્ષા, મહિલા અને બાળકોની સુરક્ષા સબંધિત અને પોલીસ વિભાગને લગતા વહીવટી મુદ્દા અંગે જરુરી સુચનો રજુ કર્યા હતા. જયારે આગામી સમયમાં અગત્યના વી.વી.આઈ.પી. બંદોબસ્ત અંગે જરુરી સુચનો અને માર્ગદર્શન પુરુ પાડ્યું હતું.

# પરીક્ષામાં વિદ્યાર્થીને ટોઈલેટ જવું હશે તો પટાવાળા પણ સાથે આવશે..!!

ગાંધીનગર,તા.૧૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે આગામી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા માટે નિરીક્ષકો માટે માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડી છે. જે અનુસાર દરેક પરીક્ષા સ્થળે પાંચ ખંડ નિરીક્ષકોની નિમણૂક કરવામાં આવશે. પાંચ ખંડ નિરીક્ષકો પૈકી મહિલા શિક્ષિકાને ફરજિયાત મૂકવાનો નિર્ણય લેવાયો છે. હવે દરેક પરીક્ષા કેન્દ્ર પર એક મહિલા ખંડ નિરીક્ષક ફરજ બજાવશે.

આ રાજયમાં બનતી ગુનાઈત પ્રવૃતિઓને નાથવામાં નિષ્ફળ આ સરકાર હવે વિદ્યાર્થીઓ જ જાણે ગુનેગાર હોય તેવો વ્યવહાર કરી રહીછે. શિક્ષણબોર્ડ દ્વારા બહાર પાડવામાં આવેલી માર્ગદર્શિકા વિદ્યાર્થીઓ જાને ગુનેગાર હોય તેવું છતું કરી રહી છે.

આ પરીક્ષા વર્ષે વિદ્યાર્થીઓ પરીક્ષા ખંડમાં બૂટ અને મોજાં કાઢીને પ્રવેશ કરે તે માટે સ્થળ સંચાલકોએ સૂચના આપવાની રહેશે. ઉપરાંત વિદ્યાર્થી ચાલુ પરીક્ષા દરમિયાન ટોઈલેટ જવા માંગતો હોય તો પટાવાળાને સાથે મોકલવાનો રહેશે. સરકાર દ્વારા આવો નિયમ બહાર પાડવામાં આવ્યો છે. કચ્છની સહજાનંદ ઈન્સ્ટીટયુટ નો વિવાદ સમયો નથી. મહિલા આયોગના અધ્યક્ષ લીલાબેને જણાવ્યું હતું કે, આ દીકરીઓ સાથેની આ ઘટના ઘણી જ નિંદનીય છે. કુરિવાજો બંધ કરવા જોઈએ. અમે આ મામલે સુઓમોટો કરી છે. અને કચ્છ જીલ્લાના એસપી સાથે પણ આ અંગે વાતચીત થી છે. આ પરિસ્થિતિ માં યોગ્ય પગલા લેવા માટે વિનંતી કરી છે.

## અસંતોષ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભરતી કરવામાં આવશે. નીતિન પટેલ દ્વારા આજે મહત્વની જાહેરાત કરવામાં આવી હતી. એલઆરડીની પહેલા ૯૭૧૩ બેઠકોમાં મહિલાની ૩૦૭૭ બેઠકો હતી જેમાં સરકારે ૨૧૫૦ બેઠકોનો વધારો કરીને ૫૨૨૭ બેઠકો કરી છે. છેલ્લા પાંચ દિવસ બિનઅનામત વર્ગની સેંકડો મહિલાઓએ આંદોલન શરૂ કર્યા હતા. બીજી બાજુ બિનઅનામત વર્ગ તરફથી સરકારની ફોર્મ્યુલાને લઈને આજે મોડી સાંજે પ્રતિક્રિયા આપવામાં આવી હતી જેના ભાગરુપે બિનઅનામત વર્ગ તરફથી દિનેશ બાંભણિયાએ નિવેદન કરતા મોડી સાંજે કહ્યું હતુ કે, નફા-નુકસાનને લઈને હજુ ગણતરી કરવામાં આવશે. સંબંધિતો સાથે અને સમાજના અન્યો સાથે વાતચીત કરીને જ કોઇ નિર્ણય લેવામાં આવશે. બીજી બાજુ અનામત વર્ગ તરફથી પણ મક્કમ વલણ અપનાવીને કહેવામાં આવ્યું છે કે, જ્યાં સુધી પરિપત્ર રદ કરવામાં આવસે નહીં ત્યાં સુધી આંદોલન જારી રહેશે. આનો મતલબ એ થયો કે, સરકાર દ્વારા વિવાદનો ઉકેલ લાવવા ફોર્મ્યુલા રજૂ કરી હોવા છતાં બને વર્ગના પ્રતિનિધિઓ હજુ સુધી આંદોલન જારી રાખવાના મૂડમાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા ત્રણ-ચાર દિવસથી સતત મુખ્યમંત્રીના નિવાસસ્થાને બેઠકોનો દોર ચાલી રહ્યો હતો. બિન અનામત વર્ગની માંગણીઓ મામલે તેમના આગેવાનો અને સરકાર વચ્ચે બેઠક યોજાયા બાદ તેના અનુસંધાનમાં રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને ગૃહરાજય મંત્રી પ્રદીપસિંહ જાડેજાએ રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીને રૂબરૂ મળી. બિન અનામત વર્ગના આગેવાનોની રજૂઆત અને અન્ય કાયદાકીય તેમ જ બંધારણીય મુદ્દાઓ ઉપરાંત સુપ્રીમકોર્ટના

સંબંધિત ચુકાદાઓ સહિત તમામ મુદ્દે તેમને વાકેફ કર્યા હતા અને સમગ્ર પરિસ્થિતિનો વિગતવાર ચિતાર આપ્યો હતો. એ પછી નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુભાઇ વાઘાણી સહિતના મહાનુભાવો મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીને આ મામલે મળ્યા હતા અને તમામ પાસાઓ પર આ સંવેદનશીલ મુદ્દા પરત્વે ચર્ચા વિચારણા કરી હતી. બેઠકોના દોર બાદ પહેલી ઓગસ્ટ ૨૦૧૮ના પરિપત્રને ધ્યાનમાં લેવાશે નહીં તેવી જાહેરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ દ્વારા કરવામાં આવી હોવા છતાં અનામત સમુદાયની બહેનો સંતુષ્ટ દેખાઈ ન હતી. તેમનું આંદોલન હજુ પણ જારી રહ્યું છે. તેમની માંગણી હજુપણ યથાવત રહેલી છે. અનામત વર્ગની બહેનો છેલ્લા ૬૮ દિવસથી આંદોલનના માર્ગે અડગ બેઠી છે. અનામત વર્ગ તરફથી આંદોલન કરી રહેલા લોકોનું કહેવું છે કે, પરિપત્ર પરત ખેંચાશે નહીં ત્યાં સુધી આંદોલન ચાલશે.

## હેટ્રિક

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોંગ્રેસ વાળાઓનો પણ સીએમ છું. પાંચ વર્ષમાં ક્યારેય કોઈને સાથે ખરાબ વર્તન કર્યુ નથી.

'દિલ્હીના બે કરોડ પરિવારોને કહેવા માંગું છું કે ચૂંટણી હવે ખતમ થઈ. તમામ ૨ કરોડ લોકો માર પરિવારનો જ એક ભાગ છે. કોઈ પણ પ્રકારની ચિંતા વગર મારી પાસે આવજો, બધાનું કામ કરીશ. ભલે કોઈ પણ જાતિના કે ધર્મના હોવ. હું સૌની સાથે મળીને કામ કરવા માંગું છું. ચૂંટણીમાં વિરોધીઓએ જે કહ્યું મેં બધું માફ કરી દીધું છે. જે થયું તેને ભૂલી જાવ. કેન્દ્ર સાથે મળીને કામ કરીશું. વડાપ્રધાનને પણ શપથગ્રહણનું આમંત્રણ આપવામાં આવ્યું હતું. પણ કદાચ તેઓ વ્યસ્ત છે, એટલા માટે આવી શક્યા નહીં. દિલ્હીને આગળ વધારવા માટે વડાપ્રધાનના આશીર્વાદ જોઈએ છે'.

કેજરીવાલે કહ્યું કે, દેશભરમાંથી સમાચાર મળી રહ્યા છે કે ઘણી સરકારોએ દિલ્હીના મોડલની જેમ વીજળી મફત કરી દીધી છે. શેરીઓમાં ક્લીનિક શરૂ કર્યા છે. કોણ કહે છે કે સરકારી શાળા ઠીક ન થઈ શકે. દિલ્હીમાં જુઓ. આજે મને વિશ્વાસ છે કે મારી સાથે અહીંયા દિલ્હીના નિર્માતા હાજર છે. દિલ્હીને દિલ્હીના શિક્ષકો , રિક્ષાવાળા, બસ ડ્રાઈવર અને કંન્ડક્ટર ચલાવે છે. અમારી સાથે વિકાસ કુમાર નામનો યુવક છે, જે આઈઆઈટી્માં અભ્યાસ કરીને દિલ્હીનું નામ રોશન કરશે. અમારી સાથે નિધિ ગુપ્તા છે, જે મેટ્રો ચલાવે છે. અમારી સાથે હરુન કુમાર છે. જે બસ માર્શલ છે. એવા લાખો કરોડો દિલ્હીના નિર્માતા દિલ્હીને ચલાવે છે. નેતા અને પાર્ટીઓ આવતા જતા રહે છે.

● કાયદો અને કાનૂન ● ચોથા પાનાનું ચાલુ

ભારતની ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમમાં ક્રુરતા આચરવામાં આવી હોય તેવા કિસ્સામાં કડક ચુકાદાઓ અપાતા રહ્યા છે પરંતુ કેટલાક દેશોમાં હજી પણ અપરાધનો અહેસાસ કરીને માંગવામાં આવતી મારીને માન્યતા મળેલ છે. દયા કરૂણાનો ભાવ તથા ગુન્હેગારને સુધરવાની પુરતી તક આપવાની આપણી સંસ્કૃતિ, ધર્મ, ન્યાય ધર્મ હજી પણ અકબંધ છે. ૨૦૧૨ આચરેલ દુષ્કર્મની સજા ૨૦૨૦ સુધી લંબાતી રહી છે જેનો સરેઆમ વિરોધ નોંધાયો છે પરંતુ ગુન્હેગારને મળતી સ્વબચાવની તકો તથા ન્યાય પ્રણાલીકા તેમજ ભારતના સંવિધાનની જોગવાઈ મુજબ વર્તન કરવું એ ન્યાયતંત્રની ફરજ છે. જેને સમાજના ઉષ્કેરાટ આવેગ તથા પીડીતા કે તેના પરિવારની લાગણી કે ભાવના સાથે કોઈ નિષ્લત નથી ભારત એ ક્ષમા વિરસ્ય ભૂષણમની વિચારશૈલી ધરાવતો દેશ છે. જેમાં ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમને કોઈ અવકાશ નથી પરંતુ સમય સંજોગો અને વ્યવહાર બદલાતી જતી સાંપ્રત ઘટનાઓ ઉપર દોષારોપણ કરવું એ આમ વાત છે. ન્યાય તંત્રએ ન્યાય ધર્મની ભૂમીકામાં શરૂઆતથી માનતો રૂઢીગત સંસ્કૃતિ ધરાવતો દેશ છે જેમાં માનવ અધિકારને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે પરંતુ ન્યાય પ્રણાલીમાં ક્ષમા જેવા મહત્વના સુધારા થવા જોઈએ એ સાંપ્રત સમયની માંગ છે.

